વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી વાઘોડીયા-૨ શાળાનું બાંધકામ અંગેની બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૬-ન.બા.૧૬-ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૧/૦૫/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૩૦/૧૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ટીડી/ઇએમઆરએસ/ન.બા./ફા.નં./૨૦૧૫-૧૬/૧૮૨૪

(૨) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુશન સોસાયટીનો તા.૨૭/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ટીડી/ઇ.એમ.આર.એસ/નવી બાબત /૨૦૧૪/૧૪૨૪/૧૯૧

(૩) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટીનો તા.૩૧/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ટીડી/ઇ.એમ.આર.એસ/હિસાબ/૧૯૮૫

**પ્રસ્તાવના :-**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી હસ્તક ૩૦ એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ શાળાઓ કાર્યરત છે. જે શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે. આ શાળાઓનું મુખ્ય ઉદ્દેશ્ય આદિજાતીના બાળકોમાં સાક્ષરતા દરમાં સુધારો લાવવાનો અને ડ્રોપ આઉટ અટકાવીને બાળકોનો અભ્યાસ પુર્ણ કરાવવાનો છે. એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ સ્કુલમાં આદિજાતી વિદ્યાર્થીનીઓને ગુણવત્તાસભર શિક્ષણ તેમજ દરેક પ્રકારની પ્રાથમિક જરૂરીયાત પુરી પાડવા માટે રહેઠાણની સુવિધાની સગવડ પુરી પાડવાની રહે છે.

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી હસ્તક ભારત સરકારના આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા મંજુર કરાયેલ ઈ.એમ.આર.એસ શાળાઓ કાર્યરત છે. જે શાળાઓમાં વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહેલ છે. ઈ.એમ.આર.એસ શાળાના બાંધકામ માટે ૧૨ કરોડ ભારત સરકારના આદિજાતિ વિકાસ મંત્રાલય દ્વારા ફાળવવામાં આવેલ છે. સદર

શાળાઓ નિવાસી પ્રકારની હોઇ, જેમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટે છાત્રાલય સુવિધા, સ્ટાફ ક્વાર્ટસ, ભોજનાલય મકાન વગેરે સુવિધા માટેના નકશા અંદાજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તૈયાર કરાવતા રૂ.૨૨૧૭.૪૬/- લાખ થાય છે. ઇ.એમ.આર.એસ શાળા, વાઘોડીયા-૨ના મકાન બાંધકામ માટે કલેક્ટરશ્રી, વડોદરાએ તા.૨૫/03/૨૦૧૪ના હુકમથી એકર ૨૫-00 ગુંઠા જમીન ફાળવેલ છે. આ અંગે વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી હસ્તકની વાઘોડીયા-૨ શાળાના બાંધકામ માટે અંદાજીત રૂ.૨૨૧૭.૪૬ લાખ અને તેની સામે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ રૂ.૧૬૨૫.૧૨ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે:

## શરતો:-

(૧) આ બાબતે વહીવટી મંજુરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, આયોજન, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૮૯, વીકેવાય ૨૩૦, એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૭/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયોતિ કે.પટેલ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.